|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

| | ઉપધાનમાં આલોચનાના કારણો : | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ |
|---|---|---|---|---|---|---|
| ૧. | ચરવલા અથવા મુહપત્તિની આડ પડી. | | | | | |
| ૨. | ચરવલા વગર ત્રણ ડગલાથી વધારે ચાલ્યા. | | | | | |
| ૩. | રાત્રે કાનમાં કુંડલ નાંખવા ભૂલી ગયા. | | | | | |
| ૪. | કુંડલ અથવા કોઈ કપડું ખોવાણું. | | | | | |
| ૫. | પડિલેહણ વગરના વસ્ત્ર-પાત્ર વાપર્યા. | | | | | |
| ૬. | પુરૂષને સ્ત્રીનો અને સ્ત્રીને પુરૂષનો સંઘટ્ટો થયો. | | | | | |
| ૭. | તિર્યંચ અથવા સચિત્તનો સંઘટ્ટો થયો. | | | | | |
| ૮. | દીવાની ઉજેહી પડી. | | | | | |
| ૯. | કાલ વખતે કામળી વગર ઉઘાડામાં ગયા. | | | | | |
| ૧૦. | વાડામાં ઠલ્લે ગયા. | | | | | |
| ૧૧. | કપડા અથવા શરીરમાંથી જુ નીકળી. | | | | | |
| ૧૨. | સંસારીક વાતો અથવા કલેશ કંકાસ કર્યો. | | | | | |
| ૧૩. | સ્થંડિલ અથવા માત્રુ કરતા બોલ્યા. | | | | | |
| ૧૪. | વાપરતા પાણી પીધાં વગર બોલ્યા. | | | | | |
| ૧૫. | પડિલેહણ પ્રતિક્રમણમાં બોલ્યા. | | | | | |
| ૧૬. | બેઠાં પ્રતિક્રમણ કર્યું. | | | | | |
| ૧૭. | દિવસે નિંદ્રા લીધી. | | | | | |
| ૧૮. | બેઠાં ખમાસમણા દીધા. | | | | | |
| ૧૯. | સ્થાપનાજી પડી ગયા. | | | | | |
| ૨૦. | દિવસે પોરસિ ભણાવવી ભૂલ્યા. | | | | | |
| ૨૧. | મુઠ્ઠસી પચ્ચક્ખાણ પારવું ભૂલ્યા. | | | | | |
| | **ઉપધાનમાં દિવસ પડવાના કારણો :** | | | | | |
| ૧. | વાપર્યા પછી ઉલટી થઈ. | | | | | |
| ૨. | એઠું મૂકવામાં આવ્યું. | | | | | |
| ૩. | પચ્ચક્ખાણ પારવું ભૂલ્યાં. | | | | | |
| ૪. | વાપર્યા પછી ચૈત્યવંદન કરવું ભૂલ્યા. | | | | | |
| ૫. | દર્શન કરવા ભૂલ્યા. | | | | | |
| ૬. | રાત્રે પોરસિ ભણાવવી ભૂલ્યા. | | | | | |
| ૭. | મુહપત્તિ ખોવાઈ ગઈ. | | | | | |
| ૮. | ક્રિયા કર્યા પછી રાત્રે ઠલ્લે ગયા. | | | | | |
| ૯. | સ્ત્રીઓને અંતરાયને કારણે ક્રિયા ન થઈ. | | | | | |
| ૧૦. | ક્રિયા કરાવનારને વંદન રહી ગયું. | | | | | |
| ૧૧. | સાંજના ક્રિયા કર્યા પછી અને સવારની ક્રિયા કર્યા પહેલા ઠલ્લે જાય તો. | | | | | |

| ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

## ઉપધાન તપમાં આવેલી આલોયણા

| | | |
|---|---|---|
| ૧. | પૌષધ અહોરાત્ર ઉપવાસથી | |
| ૨. | ઉપવાસ | |
| ૩. | આયંબિલ | |
| ૪. | લુખી નીવિ | |
| ૫. | એકાસણા | |
| ૬. | બિઆસણા | |
| ૭. | બાંધી નવકારવાળી | |
| ૮. | સજઝાય, ધ્યાન, સ્વાધ્યાય | |
| ૯. | સામાયિક | |

### પ્રાયશ્ચિત તો સાબુ છે

મેલા થયેલા કપડાંને સાફ કરવા માટે જેમ સાબુની જરૂરીયાત પડે છે તેમ આરાધનાની ચાદરમાં પડેલી ભૂલોના ડાઘને સાફ કરવા માટે પ્રાયશ્ચિત જરૂરી છે.

પ્રાયશ્ચિત વધુ આવશે તો ? એમ વિચારી આલોચના છુપાવવી નહીં, પરંતુ નાનો બાળક જેમ પોતાની મા પાસે નિખાલસ ભાવે બધી વાત જણાવી દે તેમ સંપૂર્ણ આલોચના જરૂર લખવી.

નિખાલસતાથી લખવાથી આપણી સરળતાનું દર્શન થાય છે. તે જ સરળતા સફળતાનું અને સિદ્ધત્વનું પ્રતીક છે.

# શ્રી ઉપધાન તપના આરાધક મહાનુભાવોને પાળવા લાયક શ્રાવક જીવનને દીપાવનાર નિયમો

(૧) નિરંતર ત્રણ ઉકાળા આવેલું-ઉકાળેલું પાણી વાપરવું તેથી સુપાત્ર ભક્તિ અને આરોગ્યાદિ અનેક લાભો થાય છે.

(૨) સવારે ઓછામાં ઓછું 'નવકારશી'નું અને સાંજે ચૌવિહારનું પચ્ચક્ખાણ નિયમિત કરવું.

(૩) ઉભય કાળ આવશ્યક-પ્રતિક્રમણ નિયમિત કરવું.

(૪) મહિનામાં પાંચ તિથિઓ અથવા છેવટે બે ચતુર્દશીએ ઉપવાસ આદિ તપ તથા પૌષધ કરવો.

(૫) બાર તિથિ તથા છ અઠ્ઠાઈમાં લીલોતરી વાપરવી નહી.

(૬) સામગ્રીયોગે ત્રિકાળ જિનદર્શન અવશ્ય કરવા.

(૭) રોજ ઉત્તમ દ્રવ્ય વડે વિધિપૂર્વક જિનેશ્વર પરમાત્માની અષ્ટ પ્રકારની પૂજા કરવી.

(૮) જિંદગી પર્યંતનું બ્રહ્મચર્ય ન લઈ શકાય તો છેવટે ૧૨ તિથિ અને અઠ્ઠાઈમાં તો અવશ્ય પાળવું.

(૯) બાવીસ અભક્ષ્ય અને બત્રીશ અનંતકાયને સમજી લઈને તેનો જિંદગી પર્યંત ત્યાગ કરવો.

(૧૦) હોટલ-કલબમાં જવું નહીં. નાટક સિનેમા - ટી.વી - સર્કસ જોવા નહીં. પાન, બીડી, સીગારેટ વગેરે વાપરવા નહીં.

(૧૧) શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણકનું એકાસણું દર મહિનાની વદિ દશમે, બની શકે તો જિંદગી પર્યંત અવશ્ય કરવું તેથી સમાધી મરણની મરણની પ્રાપ્તિ થાય છે.

(૧૨) રોજ ઓછામાં ઓછું એક સામાયિક કરવું.

(૧૩) મહિના-વર્ષમાં અમુક પૌષધ અથવા દેશાવગાસિક કરવા.

(૧૪) ચૌદ નિયમ સમજી લઈને ગ્રહણ કરવા.

(૧૫) શ્રાવકના બાર વ્રતો સમજી લઈને ગ્રહણ કરવા.

(૧૬) તત્વજ્ઞાન અભ્યાસ માટે રોજ એક કલાક ધાર્મિક ગોખવું.

(૧૭) શ્રી વર્ધમાન આયંબિલ તપની ઓળીનો પાયો નાખવો.

(૧૮) આસો તથા ચૈત્ર માસની નવપદજીની ઓળી. બની શકે તો જિંદગી પર્યંત વિધિપૂર્વક આરાધવી.

(૧૯) સદ્‌ગુરૂનો નો યોગ હોય તો તેઓને વંદન તથા તેઓના વ્યાખ્યાનનું શ્રવણ અવશ્ય કરવું.

(૨૦) નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, શીતલા સાતમ, ગોકુલ આઠમ, નવરાત્રી, હોળી અને તાબુત આદિ મિથ્યાત્વીના પર્વો કદિ આરાધવા નહીં તેથી સમક્તિમાં હાનિ તથા અન્યમતનીપ્રભાવના અને જૈન ધર્મની લઘુતા થાય છે.

(૨૧) માંસ, મદિરા, મધ અને માખણ એ ચાર મહાવિગઈઓનો જીવન પર્યંત ત્યાગ કરવો.

(૨૨) નરકના હેતુભૂત પરસ્ત્રી ગમન, વેશ્યા ગમન, ચોરી, જુગાર, શિકારાદિ સાત મહા વ્યસનોનો જીવન પર્યંત ત્યાગ કરવો.

(૨૩) માળ પહેર્યા પછી બાકી રહેલા પાત્રીસુ તથા અઠ્ઠાવીસુ વેળાસાર પુરુ કરી લેવું કારણ કે દેહનો કોઈ ભરોસો નથી.

(૨૪) કાયમ માટે મુઠ્ઠીસી, ગંઠસીનું પચ્ચક્ખાણ રાખવુ જેથી અકસ્માત મરણ થાય, તો પણ સદ્‌ગતિ થાય.

(૨૫) સમ્યગ્‌જ્ઞાનની આરાધના માટે રોજ ૧૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

(૨૬) કર્મક્ષય નિમિત્તે રોજ દસ-વીસ લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

(૨૭) ચારિત્ર ન લેવાય ત્યાં સુધી રોજ યાદ આવે તેવી કોઈપણ વસ્તુનો ત્યાગ કરો.

(૨૮) જીવનમાં એકાદ જિન પ્રતિમા વિધિપૂર્વક ભરાવવી.

(૨૯) અમારીનુ યથાશક્તિ પ્રવર્તન કરાવવું.

(૩૦) દેવપૂજા, ગુરૂભક્તિ, સાધર્મિકવાત્સલ્ય આદિ શાસનપ્રભાવનાના કાર્યોમાં અવશ્ય ભાગ લેવો.

●

## ❂ મુહપત્તિના પચાસ બોલ ❂

- સૂત્ર અર્થ-તત્વ કરી સદ્દહું-(મુહપત્તિની બાજુ જોતાં)
- સમ્યકત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય પરિહરૂં (ડાબા હાથ તરફનો ભાગ ખંખેરતા)
- કામરાગો સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરૂં- (જમણા હાથ તરફનો ભાગ) સુદેવ, સુગુરુ, સુધર્મ આદરૂં-(ડાબા હાથની હથેળીથી કાંડા સુધી જતાં સ્પર્શ કર્યા વિના) કુગુરુ કુધર્મ પરિહરૂ-(ડાબા હાથને યતનાપૂર્વક સ્પર્શતાં ઘસી કાઢતાં) જ્ઞાન દર્શન, ચારિત્ર આદરું-(ડાબા હાથની હથેળીની કાંડા સુધી જતાં સ્પર્શ કર્યા વિના)
- જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરૂં-(ડાબા હાથને યતનાપૂર્વક સ્પર્શતા-ઘસી કાઢતાં) મનમુપ્તિ વચનગુપ્તિ કાયગુપ્તિ આદરું-(ડાબા હાથની હથેળીથી કપડાં સુધી જતાં સ્પર્શ કર્યા વિના) મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરૂં-(ડાબા હાથને યતનાપૂર્વક સ્પર્શતા ઘસી કાઢતાં) હાસ્ય, રતિ-અરતિ પરિહરૂં-(ડાબા હાથના ત્રણ ભાગ પડિલેહતાં) ભય શોક, દુર્ગંચ્છા પરિહરૂં-(જમણાં હાથના ત્રણ ભાગના પડિલેહતાં) કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્ય, કાપોત લેશ્યા પરિહરૂં ★ (મસ્તકના ત્રણ ભાગ પડિલેહતાં) રસ ગારવ, ઋદ્ધિગારવ, શાતા ગારવ પરિહરૂં-(મુખના ત્રણ ભાગ પડિલેહતાં) માયાશલ્ય, નીયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરૂં (હૃદયના ત્રણ ભાગ પડિલેહતાં) ક્રોધ માન પરિહરૂં-(ડાબે ખભેથી પડિલેહતાં.) ★
- માયા, લોભ પરિહરૂં-(જમણે ખભેથી પડિલેહતાં.)
- પૃથ્વીકાય, અપકાય, તેઉકાયની જયણા કરૂં-(જમણા પગના ત્રણ ભાગ પડિલેહતાં)
- વાઉંકાય, વનસ્પતિકાય ત્રસકાયની રક્ષા કરૂં-(ડાબા પગના ત્રણ ભાગ પડિલેહતાં)
- સ્રીઓને ૪૦ બોલ બોલવાના હોય છે. તેમણે મર્યાદાને માટે કપડાં પહેરવા પડે છે. તેથી તેમનાથી ત્રણ મસ્તકની, ત્રણ હૃદયની, ખભાની અને બે પડખાની પ્રતિલેખના ન થઈ શકે.

## ◈ આચાર્યપાદ શ્રી રત્નાકરસૂરીશ્વરજી કૃત ◈

# રત્નાકર પચ્ચીશી

મંદિર છો મુક્તિતણા, માંગલ્ય ક્રીડાના પ્રભુ !
ને ઈન્દ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ !
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના.
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર જ્ઞાનકળા તણા. (૧)

ત્રણ જગતના આધારને, અવતાર હે કરુણા તણા,
વળી વૈદ્ય હે દુર્વાર આ, સંસારના દુઃખો તણા;
વીતરાગ ! વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરું,
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી ખરું. (૨)

શું બાળકો મા-બાપ પાસે, બાળક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે ?
તેમજ તમારી પાસ તારક ! આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહ્યું, તેમાં કશું ખોટું મથી ! (૩)

મેં દાન તો દીધું નહિ ને, શીયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ, શુભ ભાવ પણ ભાવ્યો નહિ:
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઈપણ પ્રભુ ! નવ કર્યું.
મારું ભ્રમણ ભવસાગરે; નિષ્ફળ ગયું ! નિષ્ફળ ગયું ! (૪)

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયા-જાળમાં, મોહન ! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો - હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. (૫)

મેં પરભવે કે આ ભવે પણ, હિત કાંઈ કર્યું નહિ.
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહિ;
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા. (૬)

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચન્દ્રથી તો પણ પ્રભુ !
ભીંજાય નહિ મુજ મન અરેરે ! શું કરું ? હું તો વિભુ !
પત્થર થકી પણ કઠણ મારું, મન ખરે ! ક્યાંથી દ્રવે ?
મરકટ સમા આ મનથકી, હું તો પ્રભુ ! હાર્યો હવે. (૭)

ભમતા મહા ભવસાગરે, પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્નત્રય દુષ્કર ઘણાં;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ ! કહું છું, ખરું
કોની કને કિરતાર ! આ, પોકાર હું જઈને કરું ? (૮)

ઠગવા વિભુ ! આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન, લોકનો કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે, કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી, દાંભિક અંદરથી રહું. (૯)

મેં મુખનો મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યા, પરનારીમાં લપટાઈને;
વળી ચિત્તને દોષિત કર્યું. ચિંતી નઠારું પરતણું;
હે નાથ ! મારું શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું. (૧૦)

કરે કાળજાની કતલ પીડા, કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું, વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાશ્યું આજ લાવી. લાજ આપતણી કને,
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને (૧૧)

નવકાર-મંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રના વાકયો વડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગતથકી, કર્મો નઠારાં આચર્યાં.
મતિભ્રમથકી રત્નો ગુમાવી, કાચ-કટકા મેં ગ્રહ્યા. (૧૨)

આવેલ દ્રષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર ! આપનો,
મેં મૂઢધીએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્ર બાણો ને પયોધર, નાભિ ને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા, છટકેલ થઈ જોયા અતિ. (૧૩)

મૃગનયની સમ નારીતણા, મુખચન્દ્ર નીરખવાવતી,
મુજ મન વિશે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તો શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તેમ, બચું કેમ હું આ પાપથી ? (૧૪)

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણો, દેદીપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ ! અભિમાનથી અક્કડ ફરું,
ચોપાટ ચાર ગતિતણી, સંસારમાં ખેલ્યા કરું. (૧૫)

આયુષ્ય ઘટતું જાય તો પણ. પાપબુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ, વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરું યત્ન પણ, હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. (૧૬)

આત્મા નથી, પરભવ નથી, વળી પુણ્ય-પાપ કશું નથી.
મિથ્યાત્વીની કટુ વાણી મેં, ધરી કાન પીધી સ્વાદથી;
રવિ સમ હતા જ્ઞાને કરી, પ્રભુ ! આપશ્રી તો પણ અરે !
દીવો લઈ કૂવે પડ્યો, ધિક્કાર છે મુજને ખરે ! (૧૭)

મેં ચિત્તથી નહિ દેવની, કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ ! નરભવ છતાં, રણમાં રડ્યા જેવું થયું,
ધોબીતણા કુત્તાસમું, મમ જીવન સહુ એળે ગયું. (૧૮)

હું કામધેનું કલ્પતરું, ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં,
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ મેં સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ ! કર કરુણા કંઈ ? (૧૯)

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગસમ ચિંત્યા નહિ,
આગમન ઈચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછ્યું નહિ,
નહિ ચિંતવ્યું મેં નર્ક, કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિન્દુની આશામહી, ભય માત્ર હું ભૂલી ગયો. (૨૦)

હું શુદ્ધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો.
કરી કામ પર ઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તીર્થના ઉદ્ધાર આદિ. કોઈ કાર્યો નવ કર્યા;
ફોગટ અરે ! આ, લક્ષ-ચોરાશી તણા ફેરાં ફર્યા. (૨૧)

ગુરુવાણીમાં વૈરાગ્ય કેરો, રંગ લાગ્યો નહિ અને,
દુર્જનતણા વાક્યો મહીં, શાંતિ મળે ક્યાંથી મને ?
તરુ કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? (૨૨)

મેં પરભવે નથી પુણ્ય કીધું, ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો, ક્યાંથી થશે હે નાથજી !
ભૂત-ભાવી ને સાંપ્રત, ત્રણે ભવ નાથ ! હું હારી ગયો,
સ્વામી ! ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. (૨૩)

અથવા નકામું આપ પાસે, નાથ ! શું બકવું ઘણું ?
હે ! દેવતાના પૂજ્ય ! આ, ચરિત્ર મુજ પોતાતણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરું શું માત્ર આ ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં, પાઈની તો વાત ક્યાં? (૨૪)

તારાથી ન સમર્થ અન્ય દીનનો, ઉદ્ધારનારો પ્રભુ !
મારાથી નહીં અન્ય પાત્ર જગમાં, જોતાં જડે હે વિભુ !
મુક્તિ મંગળ સ્થાન તોય મુજને, ઈચ્છા ન લક્ષ્મીતણી,
આપો સમ્યગ્-રત્ન 'શ્યામ' જીવને તો તૃપ્તિ થાયે ઘણી. (૨૫)

## બહુશ્રુત ચિરંતનાચાર્ય કૃત પ્રાકૃત સ્તોત્રનો ગુર્જરાનુવાદ

## અરિહંત વંદનાવલી

**માતાને હર્ષ**

જે ચૌદ મહાસ્વપ્નો થકી, નિજમાતને હરખાવતા,
વળી ગર્ભમાંહિ જ્ઞાનત્રયને, ગોપવી અવધારતા,
ને જન્મતા પહેલાં જ ચોસઠ, ઈન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧

**જન્મકલ્યાણક**

મહાયોગના સામ્રાજયમાં જે, ગર્ભમાં ઉલ્લાસતા.
ને જન્મતાં ત્રણ લોકમાં, મહાસૂર્ય સમ પ્રકાશતા;
જે જન્મકલ્યાણક વડે સૌ, જીવને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨

**જન્મોત્સવ**

છપ્પન દિગ્કુમરી તણી, સેવા સુભાવે પામતાં,
દેવેન્દ્ર કરસંપુટ મહી, ધારી જગત હરખાવતા,
મેરુ શિખર સિંહાસને જે નાથ જગના શોભતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩

કુસુમાંજલિથી સુરઅસુર જે, ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણ જલથી, દેવ જેને સિંચતા,
વળી દેવદુંદુભિ નાદ ગજવી, દેવતાઓ રીઝતાં;
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.....૪

મધમધ થતાં ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા.
દેવેન્દ્ર દૈવી પુષ્પની માળા ગળે આરોપતાં,
કુંડલ કડાં મણિમય ચમકતાં, હાર મુકટે શોભતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૫

ને શ્રેષ્ઠવેણું મોરલી, વીણા મૃદંગતણા ધ્વનિ,
વાંજિત્ર તાલે નૃત્ય કરતી, કિન્નરીઓ સ્વર્ગની
હર્ષેભરી દેવાંગનાઓ, નમન કરતી લળી લળી.
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૬

જયનાદ કરતાં દેવતાઓ, હર્ષના અતિરેકમાં,
પધરામણી કરતાં જનેતાના મહાપ્રસાદમાં,
જે ઈન્દ્રપુરિત વરસુધાને ચૂસતાં અંગુષ્ઠમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૭

**અતિશયવંત પ્રભુ**

આહારને નિહાર જેના છે અગોચર ચક્ષુથી
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહિ.
સ્વર્ધેનું દુગ્ધસમાં રુધિરને માંસ જેના તન મહીં.
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૮

મંદાર પારિજાત સૌરભ, શ્વાસને ઉચ્છવાસમાં,
ને છત્રચામર જય પતાકા, સ્તંભ જવ કરપાદમાં
પુરા સહસ્ત્ર વિશેષ અષ્ટક, લક્ષણો જ્યાં શોભતાં
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૯

દેવાંગનાઓ પાંચ આજ્ઞા, ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે, કૃતકૃત્યતા અનુભાવતી,
વળી બાલક્રિડા દેવગણનાં, કુંવરો સંગે થતી,
એવા પ્રભુ અરિંહતને, પંચાંગ ભાવે હું નમું....૧૦

**અદ્ભૂત ગુણો**

જે બાલ્ય વયમાં પ્રૌઢ જ્ઞાને, મુગ્ધ કરતા લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા, સારને અવધારીને,
ત્રણ લોકમાં વિસ્મય સમા, ગુણરૂપ યૌવન યુક્તિ જે
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૧

**સંસારથી નિર્લેપ**

મૈથુન પરિષહથી રહિત જે, નંદતા નિજ ભાવમાં,
ને ભોગકર્મ નિવારવા, વિવાહ કંકણ ધારતાં,
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો, નાદ જેણે વિશ્વમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૨

**રાજ્યાવસ્થા**

મૂર્છા નથી પામ્યા મનુજના, પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજય નિતિથી પ્રજા સુખચેનમાં,
વળી શુદ્ધ અધ્યવસાયથી, જે લીન છે નિજભાવમાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૩

**મહાવિરાગી**

પામ્યા સ્વયં સંબુદ્ધપદ જે, સહજ વર વિરાગવંત
ને દેવલોકાંતિક ઘણી, ભક્તિ થકી કરતા નમન,
જેને નમી કૃતાર્થ બનતા. ચારગતિના જીવગણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૪

**મહાદાન**

આવો પધારો ઈષ્ટવસ્તુ, પામવા નર નારીઓ,
એ ઘોષણાથી અર્પતા, સાંવત્સરિક મહાદાનને,
ને છેદતા દારિદ્રય સૌનું, દાનના મહાકલ્પથી
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૫

**દીક્ષા કલ્યાણક**

દીક્ષા તણો અભિષેક જેનો, યોજતા ઈન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં, બિરાજતાં ભગવંતશ્રી,
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ શોભિત વનમહી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૬

શ્રી વજ્રધર ઈન્દ્રે રચેલા, ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે, દીક્ષા સમય ભગવંત જે,
જે પંચમુષ્ટિ લોચ કરતાં, કેશ વિભુ નિજ કર વડે
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૭

લોકાગ્રગત ભગવંત સર્વ. સિધ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપ, યોગોના કરે પચ્ચક્ખાણને,
જે જ્ઞાન-દર્શનને મહાચારિત્ર રત્નત્રયી ગ્રહે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૮

નિર્મળવિપુલમતિ મનઃ પર્યવ, જ્ઞાન સહેજે દીપતા,
જે પંચસમિતિ ગુપ્તિત્રયની, રયણમાળા ધારતાં,
દશભેદથી જે શ્રમણ સુંદર, ધર્મનું પાલન કરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૧૯

**આત્મવિકાસ**

પુષ્કર કમલનાં પત્રની, ભ્રાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત, વરગતિએ વિચરે,
આકાશની જેમ નિરાલંબન, ગુણ થકી જે ઓપતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૦

ને અસ્ખલિત વાયુ સમુહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના, ગુપ્ત ઈન્દ્રિય દેહ છે,
નિસ્સંગતા ય વિહંગ શી, જેનો અમુલખ ગુણ છે.
એવા પ્રભુ અરિંહતને, પંચાંગ ભાવે હું નમું....૨૧

ખડ્ગીતણા વરશૃંગ જેવા, ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારીખા, ગુણવાનને અપ્રમત છે,
વ્રતભાર વહેતા વરવૃષભની, જેમ જેહ સમર્થ છે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૨

કુંજરસમાં શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી, જેના હૃદયને છે વરી,
જેના સ્વભાવે સૌમ્યતા છે પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૩

આકાશ ભૂષણ સૂર્ય જેવા, દીપતા તપ તેજથી,
વળી પૂરતા દિગંતને, કરુણા ઉપેક્ષા મૈત્રીથી,
હરખાવતા જે વિશ્વને, મુદિતાતણા સંદેશથી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૪

જે શરદ ઋતુના જલ સમા, નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર કરતાં, જે વિભિન્ન સ્થળો વિશે,
જેની સહનશક્તિ સમીપે, પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૫

બહુપુણ્યનો જ્યાં ઉદય છે, એવા ભવિકના દ્વારને,
પાવન કરે ભગવંત નિજ તપ, છઠ્ઠ અઠ્ઠમ પારણે,
સ્વીકારતા આહાર બેંતાલીસ દોષ વિહીન જે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૬

ઉપવાસ માસખમણ સમા, તપ આકરાં તપતા વિભુ,
વીરાસનાદિ આસને, સ્થિરતા ધરે જગના પ્રભુ,
બાવીસ પરીષહને સહતા, ખૂબ જે અદ્ભૂત વિભુ.
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૭

બાહ્ય અભ્યંતર બધા, પરિ-ગ્રહ થકી જે મુક્ત છે,
પ્રતિમા વહન વળી શુકલધ્યાને, જે સદાય નિમગ્ન છે,
જે ક્ષપકશ્રેણી, પ્રાપ્ત કરતાં, મોહમલ્લ વિદારીને,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૮

**કેવળજ્ઞાન કલ્યાણક**

જે પૂર્ણ કેવળજ્ઞાન, લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો, પાર કો નવ પામતું,
એ પ્રાપ્ત જેણે ચારઘાતી, કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૨૯

**ભાવ અરિહંત**

જે રજત સોનાને અનુપમ, રત્નના ત્રણ ગઢમહીં,
સુવર્ણના નવ પદ્મમાં, પદકમલને સ્થાપના કરી,
ચારે દિશામુખ ચાર ચાર, સિંહાસને જે શોભતાં,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૦

**સમવસરણની શોભા**

જ્યાં છત્ર સુંદર ઉજ્જવળા, શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવદેવી રત્ન ચામર, વીંઝતા, કરદ્વય વડે,
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ, અશોકથી ય પૂજાય છે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૧

મહાસૂર્ય સમ તેજસ્વી શોભે, ધર્મચક્ર સમીપમાં,
ભામંડલે પ્રભુપીઠથી, આભા પ્રસારી દિગંતમાં,
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો, અર્ધ્ય જિનને અર્પતા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૨

જ્યાં દેવદંદુભિ ધોષ ગજવે, ઘોષણા ત્રણલોકમાં,
ત્રિભુવન તણાં સ્વામીતણા, સૌએ સુણો શુભદેશના,
પ્રતિબોધ કરતા દેવ માનવ, ને વળી તિર્યંચને,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૩

**લોકાપકાર**

જ્યાં ભવ્ય જીવોના અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંતવાણી દિવ્યસ્પર્શે, દૂરે થતાં મિથ્યા વમળ,
ને દેવદાનવ ભવ્ય માનવ, ઝંખતા જેનું શરણ
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૪

જે બીજ ભૂત ગણાય છે, ત્રણપદ ચતુદર્શ પૂર્વના,
ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા, ધુવેઈ વા મહાતત્વના,
એ દાન સુશ્રુતજ્ઞાનનું, દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૫

એ ચૌદપૂર્વોના રચે છે, સૂત્રસુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા, ગણધર પદે જગનાથ જે,
ખોલે ખજાનો ગૂઢ માનવ, જાતના હિત કારણે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૬

**તીર્થ સ્થાપના**

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ, સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને, સુરઅસુર સહુ વંદન કરે,
ને સર્વજીવો ભૂત પ્રાણી, સત્ત્વસુ કરુણા ધરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૭

જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ.
જેના ચરણને ચક્રવર્તી, પૂજતાં ભાવે બહુ,
જેણે અનુત્તર વિમાનવાસી, દેવના સંશય હણ્યા
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૮

જે છે પ્રકાશક સૌ પદાર્થો, જડ તથા ચૈતન્યના,
વરશુકલ લેશ્યા તેરમે, ગુણસ્થાનકે પરમાત્મા,
જે અંત આયુષ્ય કર્મનો, કરતા પરમ ઉપકારથી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૩૯

લોકાગ્રભાવે પહોચવાને, યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી, અંતિમ તપસ્યા જે કરે,
જે ચૌદમાં ગુણસ્થાનકે, સ્થિર પ્રાપ્ત શૈલેશીકરણ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું.... ૪૦

હર્ષે ભરેલા દેવનિર્મિત અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંત પરમાત્મા જગતધર આંગણે,
જે નામના સંસ્મરણથી, વિખરાય વાદળ દુઃખના,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું...૪૧

જે કર્મનો સંયોગ-વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પૂરણ, સર્વથા સદ્ભાવથી,
રમમાણ જે નિજરૂપમાં, ને સર્વજગનું હિત કરે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૨

જે નાથ ઔદારિક વળી, તૈજસ તથા કાર્મણ તનું,
એ સર્વને છોડી અહીં, પામ્યા પરમપદ શાશ્વતું,
જે રાગદ્વેષ જળે ભર્યા, સંસાર સાગરને તર્યા,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૩

શૈલેશીકરણે ભાગ ત્રીજે, શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી, વળી પૂર્વધ્યાન પ્રયોગથી,
ધનુષ્યથી છુટેલ બાણ, તણી પરે શિવગતિ લહી,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૪

નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય, સિધ્ધિગતિએ નામનું,
જે સ્થાન અવ્યાબાધ જ્યાંથી, નહિ પુનઃ ફરવાપણું,
એ સ્થાનને પામ્યા અનંતા, ને વળી જે પામશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૫

આ સ્તોત્રને પ્રાકૃતગિરામાં, વર્ણવ્યું ભક્તિબળે,
અજ્ઞાત ને પ્રાચીન મહામના, કો મુનિશ્વર બહુશ્રુતે,
પદ-પદ મહી જેના મહા સામર્થ્યનો મહિમા મળે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૬

જે નમસ્કાર સ્વાધ્યાયમાં, પ્રેક્ષી હૃદય ગદ્ગદ્ બન્યું,
શ્રી ચંદ્ર નાચ્યો ગ્રંથ લઈ, મહાભાવનું શરણું મળ્યું
કીધી કરાવી અલ્પભક્તિ, હોશનું તરણું ફળ્યું,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૭

જેના ગુણોના સિંધુના, બે બિંદુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલમહી કે, નાથ સમ કો છે નહિં,
જેના સહારે ક્રોડ તરીયા, મુક્તિ મુજ નિશ્ચય સહિ,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૮

જે નાથ છે ત્રણ ભુવનના, કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વમાં, સદ્ભાવની સરણી વહે,
આપે વચન 'શ્રીચંદ્ર' જગને, એ જ નિશ્ચિય તારશે,
એવા પ્રભુ અરિહંતને, પંચાંગ ભાવે હું નમું....૪૯

# ❂ શ્રી કુમારપાળ બત્રીસી ❂

(પરમાર્હત્ શ્રી કુમારપાળ ભૂપાલવિરચિતા આત્મનિંદા દ્વાત્રિંશિકા)

(હરિગીત છંદ)

સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તેનાં જે મણી,
તેના પ્રકાશે ઝળહળે પદપીઠ જે તેનાં ધણીઃ
આ વિશ્વનાં દુઃખો બધાંયે છેદનારા હે પ્રભુ,
જય જય થજો જગબન્ધુ તુમ એમ સર્વદા ઈચ્છું વિભુ. ...૧

વીતરાગ હે કૃતકૃત્ય ભગવન્ આપને શું વીનવું;
હું મૂર્ખ છું મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થીવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે,
પણ પ્રભો ! પૂરી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ઘટે. ...૨

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યાં ગુણ ઓપતા મુજ ચિત્તરૂપી શુક્તિમાં;
અતિ દૂર એવો સૂર્ય પણ શું આરસીનાં સંગથી,
પ્રતિબિંબ રૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી?. ...૩

પ્રાણી તણાં પાપો ઘણાં ભેગાં કરેલાં જે ભવે.
ક્ષીણ થાય છે ક્ષણમાં બધાં તે આપને ભાવે સ્તવે;
અતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું,
ઈમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું. ...૪

શરણ્ય ! કરુણાસિંધુ ! જિનજી ! આપ બીજા ભક્તનાં,
મહામોહવ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તનાં,
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહું,
તોયે કહો કુણ કારણે એ વ્યાધિનાં દુઃખો સહું. ...૫

સંસારરૂપ મહાટવીના સાર્થવાહ પ્રભુ તમે,
મુક્તિપુરી જાવા તણી ઈચ્છા અતિશય છે મને;
આશ્રય કર્યો તેથી પ્રભો ! તુજ તોય આંતર તસ્કરો,
મુજ રત્નત્રય લૂંટે વિભો ! રક્ષા કરો રક્ષા કરો. ...૬

બહુ કાળ આ સંસારસાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો;
પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુયે કરી. ...૭

આ કર્મરૂપ કુલાલ મિથ્યાજ્ઞાનરૂપી દંડથી;
ભવચક્ર નિત્ય ભમાવતો દિલમાં દયા ધરતો નથી;
કરી પાત્ર મુજને પુંજ દુઃખનો દાબી દાબીને ભરે;
વિણ આપ આ સંસાર કુણ રક્ષા કહો એથી કરે ? ...૮

ક્યારે પ્રભો સંસારકારણ સર્વ મમતા છોડીને;
આજ્ઞા પ્રમાણે આપની મન તત્ત્વજ્ઞાને જોડીને;
રમીશ આત્મ વિષે વિભો નિરપેક્ષવૃત્તિ થઈ સદા,
તજીશ ઈચ્છા મુક્તિની પણ સંત થઈને હું કદા ? ...૯

તુજ પૂર્ણ શશિની કાંતિ સરખા કાંતગુણ દઢ દોરથી,
અતિચપલ મુજ મન વાંદરાને બાંધીને બહુ જોરથી;
આજ્ઞારૂપી અમૃત રસોના પાનમાં પ્રીતિ કરી,
પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વીસરી ? ...૧૦

હું હીનથી પણ હીન, પણ તુમ ચરણ સેવાને બળે,
આવ્યો અહીં ઊંચી હદે જે પૂર્ણ પુણ્ય થકી મળે;
તો પણ હઠીલી પાપી કામાદિક તણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે. ...૧૧

કલ્યાણકારી દેવ ! તુમ સમ સ્વામી મુજ માથે છતે,
કલ્યાણ કેમ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે;
પણ મદન આદિક શત્રુઓ પૂંઠે પડ્યા છે માહરે,
દૂરે કરું શુભ ભાવનાથી, પાપીઓ પણ નવ મરે. ...૧૨

સંસારરૂપ સમુદ્રમાં ભમતા અનાદિકાળથી,
હું માનું છું કે આપ કદી મુજ દ્રષ્ટિએ આવ્યા નથી;
નહીંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભુ,
બહુ દુ:ખથી જે ભોગવી તે કેમ પામું હું વિભુ ? ...૧૩

તલવાર ચક્ર ધનુષ્ય ને અંકુશથી જે શોભતું,
વજ્રપ્રમુખ શુભચિન્હથી શુભ ભાવવલ્લી રોપતું;
સંસારતારક આપનું એવું ચરણયુગ નિર્મલું;
દુર્વાર એવા મોહ વૈરીથી ડરીને મેં શ્રયું. ...૧૪

નિ:સીમ કરુણાધાર છો; હે શરણ આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો;
હું દીન છું હિમ્મતરહિત થૈ શરણ આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને રક્ષો મને. ...૧૫

વિણ આપ આ જગમાં નથી સ્વામી સમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે;
શું શત્રુઓનું ચક્ર જે બહુ દુ:ખથી દેખાય છે,
વિણ ચક્ર વાસુદેવના તે કોઈ રીત હણાય છે. ...૧૬

પ્રભુદેવનાં પણ દેવ છો વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધને આ વિશ્વત્રયના છો તમે નાયકપણે;
એ કારણે આંતરરિપુ સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રડીને હાર્દનાં દુ:ખો કહું. ...૧૭

અધર્મનાં કાર્યો બધાં દૂરે કરીને ચિત્તને,
જોઉં સમાધિમાં જિનેશ્વર શાન્ત થૈ હું જે સમે;
ત્યાં તો બધાયે વૈરીઓ જાણે બળેલા ક્રોધથી,
મહામોહના સામ્રાજયમાં લઈ જાય છે બહું જોરથી. ...૧૮

છે મોહ આદિક શત્રુઓ મારાં અનાદિ કાળનાં,
ઈમ જાણું છું જિનદેવ પ્રવચનપાનથી હું આપનાં;
તોયે કરી વિશ્વાસ એનો મૂઢ મેંઢો હું બનું,
એ મોહબાજીગર કને કપિરીતને હું આચરું. ...૧૯

એ રાક્ષસોના રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એ જ છે,
એણે મને નિષ્ઠુરપણે બહુ વાર બહુ પીડેલ છે;
ભયભીત થઈ એથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું.
જગવીર દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું. ...૨૦

ક્યારે પ્રભો નિજ દેહમાં પણ આપબુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી;
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભુ આનંદથી. ...૨૧

ગતદોષ ગુણભંડાર જિનજી દેવ મારે તું જ છે,
સુરનરસભામાં વર્ણવ્યો જે ધર્મ મારે તે જ છે,
ઈમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો. ...૨૨

ષડ્વર્ગ મદનાદિક તણો જે જીતનારો વિશ્વને,
અરિહન્ત ઉજ્જવલ ધ્યાનથી તેને પ્રભુ જીત્યો તમે;
અશક્ત તુમ પ્રત્યે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને. ...૨૩

સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા;
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે? ...૨૪

તુમ પાદપદ્મ રમે પ્રભો ! નિત જે જનોનાં ચિત્તમાં,
સુર ઈંદ્ર કે નરઈંદ્રની પણ એ જનોને શી તમા ?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
સદ્‌ગુણોનો શુભગંધ એના આત્મમાંહે મહમહે. ...૨૫

અત્યંત નિર્ગુણ છું પ્રભો ! હું ક્રૂર છું હું દુષ્ટ છું,
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું;
વિણ આપ આલંબન પ્રભો ભવભીમસાગર સંચરું;
મુજ ભવભ્રમણની વાત જિનજી આપ વિણ કોને કરું ? ...૨૬

મુજ નેત્રરૂપ ચકોરને તું ચંદ્રરૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનંદ-ઉદધિમાં પડ્યો;
જે ભાગ્યશાળી હાથમાં ચિંતામણી આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે ? ...૨૭

હે નાથ ! આ સંસારસાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે;
શિવરમણીના શુભસંગથી અભિરામ એવા હે પ્રભો,
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિત્યે વિભો. ...૨૮

જે ભવ્ય જીવો આપને ભાવ નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠ ઠવે;
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિંતામણી તેને કરે,
વાવ્યો પ્રભો નિજ કૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે. ...૨૯

હે નાથ ! નેત્રો મીંચીને ચલચિત્તની સ્થિરતા કરી.
એકાંતમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી;
મુજ સર્વકર્મવિનાશકારણ ચિંતવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર, માહરે ચિત્તે રમે. ...૩૦

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો મેં અન્ય દેવોને સ્તવ્યા,
પણ કોઈ રીતે મુક્તિ સુખને આપનારા નવ થયા;
અમૃત ભરેલા કુંભથી છોને સદાયે સીંચિયે,
આંબા તણાં મીઠા ફુલો પણ લીંબડા ક્યાંથી દિયે ? ...૩૧

ભવજલધિમાંથી હે પ્રભો ! કરુણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરના શુભસદનમાં ધારજો;
આ ગુણી આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશી સૂર્ય મેઘ પરે દયાલુ સર્વનાં દુઃખો હરે. ...૩૨

**(શાર્દૂલવિક્રીડિત છંદ)**

પામ્યો છું બહુપુણ્યથી પ્રભુ ! તને ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના નેતા મળ્યા છે મને;
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું જેની કરું માગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં એ હાર્દની લાગણી. ...૩૩

જાણી આર્હત ગુર્જરેશ્વર તણી વાણી મનોહારિણી,
શ્રદ્ધાસાગર વૃદ્ધિચંદ્ર સરખી સંતાપસંહારિણી;
તેનો આ અનુવાદ મેં સ્વપરના કલ્યાણ માટે કર્યો,
શ્રી મન્નેમિસૂરીશ સેવનબળે જે ભક્તિભાવે ભર્યો. ...૩૪

(ગુજરાતી અનુવાદન-શ્રી અમૃતવિજયજી ગણી)

# અમૃતવેલ સજઝાય

ચેતન જ્ઞાન અજવાળીએ, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોળતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે... ચેતન.૧

ઉપશમ અમૃત રસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વચણે નવિ બીજીએ, દીજીએ સજ્જનને માન રે... ચેતન.૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વચણ મુખ સાચ રે;
સમક્તિ રત્ન રૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે... ચેતન. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારના શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું જેહ જગદીશ જગમિત્ત રે... ચેતન. ૪

જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભાવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે... ચેતન. ૫

શરણ બીજું ભજો સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ્ય શિવનગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે... ચેતન. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે... ચેતન. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયા ભાવ રે;
જેહ સુખ હેતુ જિનવરે કહ્યું, પાપ જલ તરવા નાવ રે..: ચેતન. ૮

ચારના શરણ જે પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધિ રે;
દુરિત સવિ આપણાં નિંદિએ, જેમ હોયે સંવર વૃદ્ધિ રે... ચેતન. ૯

ઈહભવ પરભવ આચર્યા, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જિનાશાતનાદિક તણા, નિંદિયે તેહ ગુણ ઘાત રે... ચેતન. ૧૦

ગુરૂ તણાં વચન જે અવગણી, ગુંથીયા આપ મત જાલ રે;
બહુ પરે લોકને ભોળવ્યાં નિંદિયે તેહ જંજાળ રે... ચેતન. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયા, કીધલો કામ ઉન્માદ રે... ચેતન. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવીયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે... ચેતન. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ-અરતિ-નિંદ-માયામૃષા, વળી ય મિથ્યાત્વ સંતાપ રે...ચેતન. ૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિયે તેહ ત્રિહું કાળ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોયે કર્મ વિસરાળ રે... ચેતન. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તે ગુણ તાસ અનુમોદિયે, પુણ્ય અનુબંધ શુભ યોગ રે... ચેતન. ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે... ચેતન. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સુત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે... ચેતન. ૧૮

જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જેહ સમકિતી સદાચાર રે;
સમક્તિ દ્રષ્ટિ સુર નર તણો તેહ અનુમોદીએ સાર રે... ચેતન. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિન વચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમક્તિ બીજ નિરધાર રે... ચેતન. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ રાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે... ચેતન. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમા જાણ રે... ચેતન. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધ નય ભાવના, પાપનાશય તણું ઠામ રે... ચેતન. ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે... ચેતન. ૨૪

કર્મથી કલ્પના ઉપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતા દ્રષ્ટિ સ્થિર મેલ રે... ચેંતન. ૨૫

ધારતા ધર્મની ધારણા, મારતા મોહ વડ ચોર રે;
જ્ઞાન રૂચિ વેલ વિસ્તારતા. વારતા કર્મનું જોર રે... ચેતન. ૨૬

રાગ વિષ દોષ ઉતારતા, ઝારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં; વારતાં કર્મ નિઃશેષ રે... ચેતન. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમ ધામ રે... ચેતન. ૨૮

શ્રી નયવિજય ગુરુશિષ્યની, શિખડી અમૃતવેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગ રેલ રે... ચેતન. ૨૯

(૧)

જે કચ્છ વાગડ દેશ કેરા, પરમ ઉપકારી ખરા,
જ્યાં જ્યાં પડ્યા ગુરુના ચરણ, ત્યાં ત્યાં બની પાવન ધરા,
અરિહંત પ્રભુ શાસન પ્રભાવક, કાર્યથી પરહિત કરા,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૨)

જે મોક્ષના અભિલાષથી સુવિશુદ્ધ સંયમ ધારતાં,
ભવ ભ્રમણના નિર્વેદથી વિષયો કષાયો વારતાં,
જે રહે પ્રવચન માત શરણે આતમા સંભાળતાં,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૩)

જે બ્રહ્મચર્ય વડે કરે નિજ પરમ પાવન આતમા,
શત્રુ પ્રમાદ પછાડતાં બનવા સદા પરમાતમા,
હિતકાર થોડું બોલતાં વૈરાગ્ય ભરતા વાતમાં,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૪)

જે ગુરુકૃપાથી આગમોના અર્કને તુરતજ વહે,
અમૃત થકી પણ અધિક મીઠી વાણી જિનવરની કહે,
આસક્તિ પુદ્ગલની તજીને નિજ સ્વભાવે જે રહે,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૫)

જેના હૃદયમાં સંઘ પર વાત્સલ્યનું ઝરણું વહે,
શાસન તણી સેવા તણો અભિલાષ અંતરમાં રહે,
જસ નામ મંત્ર પ્રભાવથી સહુ ભાવિકો પાપો દહે,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૬)

કટુતા કદી ના કોઈથી સહુ જીવ પર મૈત્રી ધરે,
બાલક છતાં જ્યાં ગુણ નિહાળે હર્ષથી હૈયુ ભરે,
દુઃખી અને પાપી વિષે જસ હૃદયથી કરૂણા ઝરે,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૭)

જે યોગ્ય જીવો જોઈને હિત શિખડી પ્રેરક કહે,
સુધરે ન એવા જીવ પર માધ્યસ્થભાવ હૈડે રહે,
સદામાન અને અમાનમાં સમભાવની સરિતા વહે,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૮)

જે શ્વાસ અને ઉચ્છવાસમાં અરિહંત અંતરમાં ધરે,
વાણી સુધાથી ભવિકમાં અરિહંત રસ હૃદયે ભરે,
મન મંદિરે અરિહંત ધ્યાને આતમા નિર્મળ કરે,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

(૯)

પ્રભુ મૂર્તિમાં પ્રભુને નિહાળી જગતને જે ભુલતાં,
નિજ મધુર કંઠે સ્તવન ગાતા બાળજીમ જે ડોલતાં,
પ્રભુ ભક્તિની મસ્તી વડે નિજ હૃદયને જે ખોલતાં,
કલાપૂર્ણ સૂરિવર ચરણમાં, હો જો સદા મુજ વંદના,

●

# ✪ અષ્ટપ્રવચન માતા ✪

આપણો જૈન ધર્મ, અહિંસા પ્રધાન અને જીવદયામુલક છે. જેના મુળમાં જીવદયા રહેલી હોય તેને ધર્મ કહેવાય, ઉપધાન દરમ્યાન આરાધકોએ જીવદયાનું પાલન કરવાનું હોય છે. તે માટે જ્ઞાની ભગવંતોએ અષ્ટપ્રવચન માતા બતાવી છે. જેમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમાવેશ થાય છે. એ આત્માને સાવધ પ્રવૃત્તિમાંથી ઉગારી સંવરમાર્ગમાં સ્થિર કરે છે.

**(૧) ઈર્યા સમિતિ :-** ચાલવાનો વિવેક - હંમેશા નીચે જોઈને સાડાત્રણ હાથ જેટલી ભુમિમાં દૃષ્ટિ રાખીને જયણાપૂર્વક ચાલવું તેને ઈર્યા સમિતિ કહેવાય. ઉતાવળથી નીચે જોયા વગર ચાલવાનું ટાળવું ચાલતી વખતે રસ્તામાં કીડી વિગેરે કોઈપણ નાના કે મોટા જીવજંતુ પગ નીચે ન આવી જાય તેની કાળજી રાખવી. રાત્રે ચાલતી વખતે દંડાસણનો ઉપયોગ કરવો.

**(૨) ભાષા સમિતિ :-** બોલવાનો વિવેક-જ્યારે જરૂર પડે ત્યારે જ બોલવું. જ્યારે બોલીએ ત્યારે હંમેશાં મુહપત્તિના ઉપયોગપૂર્વક જ બોલવું એટલે મોઢાં આગળ મુહપત્તિ રાખીને બોલવું.

**(૩) એષણા સમિતિ :-** ખાવાપીવાનો વિવેક- જેટલી જરૂર હોય તે મુજબ વાપરવું. ખાતી વખતે ઢોળવું નહિ. એઠું છોડવું નહિ. ખાતા ખાતા બોલવું નહિ. જરૂર પડે તો પાણી પીને બોલવું. વાપર્યા પછી થાળી ધોઈને પીવી અને થાળી લુછીને ચોખ્ખી કરવી. વાપરતા નીચે દાણા વિગેરે પાડવા નહિ. નીચે પડેલા દાણા વીણી લેવા અને વાપરી જવાં.

**(૪) આદાનભંડમત્ત નિક્ખેવણા સમિતિ :-** વસ્તુ લેવા - મુકવાનો વિવેક - કોઈપણ વસ્તુ - પુસ્તક, કપડાં, વસ્ત્ર પાત્ર વિગેરે કોઈપણ વસ્તુ લેતા પહેલાં ચરવળાથી કે પુંજણીથી પૂજવું. કોઈ પણ વસ્તુ મુકતા પહેલાં પુંજવું. નીચે બેસતી વખતે પુંજીને કટાસણ પાથરવું. સંથારો કરતી વખતે ભૂમિ પૂંજીને સંથારો પાથરવો.

**(૫) પારિષ્ઠાપનિકા સમિતિ** :- નકામી વસ્તુના વિસર્જનનો વિવેક- સ્થંડિલ-માત્રુ ગમે ત્યાં પરઠવવા નહિ. સ્થંડિલ - માત્રુ એની શુધ્ધ ભુમિમાં જ પરઠવવાં, પરઠવતી વખતે ભુમિ શુધ્ધ જોવી. વાંકાં વળીને કોઈ જીવજંતુ હોય નહિ તે જોવું, પરઠવતાં પહેલાં પ્યાલો નીચે મુકી 'અણુજાણહ જસુગ્ગહો' બોલવું, પરઠવ્યા બાદ ત્રણવાર 'વોસિરે' કહેવું.

**(૬) મનગુપ્તિ** :- પાપની વૃત્તિથી મનને પાછું વાળવું તે. મનને ગમે ત્યાં ભટકવા દેવું નહિ. જે સમયે જે ક્રિયા કે કાર્ય કરતા હોઈએ તેમાં મનને સ્થિરતાથી એકાગ્ર બનાવવું.

**(૭) વચનગુપ્તિ** :- જરૂરત વિનાનું બોલવાનું બંધ કરવું તે. કામ હોય ત્યારે જ બોલવું. કામ વગર બોલવું નહિ. નક્કામી વાતો ચીતો કરવી નહિ. ટહેલ ટપ્પા મારવાં નહિ. પારકી નિંદા-કુથલી કરવી નહિ. લોકકથા, દેશ કથા, રાજકથા, સ્ત્રીકથા, કરવી નહિ. છાપા વાંચવા નહિ. ધાર્મિક પુસ્તક સિવાય અન્ય પુસ્તકો વાંચવા નહિ.

**(૮) કાયગુપ્તિ** :- બિન જરૂરતની શારિરિક પ્રવૃત્તિ બંધ કરવી તે. કામ વગર હલનચલન નહિ. બને ત્યાં સુધી શરીર સંકોચીને સ્થિર રાખવું.

દુનિયામાં માતા જેમ પોતાના પુત્રનું લાલનપાલન કરે છે. તેમ આ અષ્ટપ્રવચનમાતા આપણા ધર્મરૂપી દેહનું જતન કરે છે. માટે જ માતા કહેવાય છે.

## પૌષધના અઢાર દોષ

ઉપધાન એટલે ૪૭. (૩૫). (૨૭) દિવસના પૌષધ, ઉપધાનની આરાધના કરનારાઓએ પૌષધના અઢાર દોષ ટાળવાના હોય છે. તે નીચે મુજબ છે.

(૧) પૌષધમાં વ્રત વિનાના બીજા શ્રાવકોનું પાણી પીવું. (૨) પૌષધમાં સરસ આહાર લેવો. (૩) ઉત્તરપારણામાં વિવિધ પ્રકારની સામગ્રી મેળવવી (૪) પૌષધમાં કે પૌષધ નિમિત્તે આગળના દિવસે

દેહવિભૂષા કરવી. (૫) પૌષધ નિમિત્તે વસ્ત્રો ધોવડાવવાં (૬) પૌષધ નિમિત્તે આભૂષણ ઘડાવવા કે પૌષધમાં આભૂષણ પહેરવાં (૭) પૌષધ નિમિત્તે વસ્ત્ર રંગાવવા. (૮) પૌષધમાં શરીર પરથી મેલ ઉતારવો. (૯) પૌષધમાં અકાળે શયન કરવું કે નિદ્રા લેવી. (રાત્રીના બીજા પ્રહરે સંથારા પોરિસિ ભણાવીને જરૂર હોય તો નિદ્રા લઈ શકાય.) (૧૦) પૌષધમાં સારી કે નઠારી સ્ત્રી સંબંધી કથા કરવી. (૧૧) પૌષધમાં આહારને સારો નરસો કહેવો. (૧૨) પૌષધમાં સારી કે નરસી રાજકથા કે યુધ્ધકથા કરવી. (૧૩) પૌષધમાં દેશકથા કરવી. (૧૪) પૌષધમાં પૂંજ્યા પ્રમાજ્યા વિનાની જગ્યામાં લઘુનીતિ કે વડીનીતિ કરવી. (૧૫) પોષધમાં કોઈની નિંદા કરવી. (૧૬) પૌષધમાં માતા-પિતા, પુત્ર ભાઈ-બહેન, સ્ત્રી વગેરે કે જેઓ પૌષધમાં ન હોય, તેમની સાથે વાર્તાલાપ કરવો. (૧૭) પૌષધમાં ચોર સંબંધી વાર્તા કરવી. (૧૮) પૌષધમાં સ્ત્રીના અંગોપાંગ જોવા.

**સામાયિકના બત્રીસ દોષ** :- પૌષધ એટલે ચોવીસ કલાકનું સામાયિક, પૌષધ કરનારાઓ સામાયિકના બત્રીસ દોષ ટાળીને પૌષધ કરે તે નીચે મુજબ છે.

**દશ મનના દોષ** : - (૧) વિવેક વગરના મન વડે સામાયિક કરે. (૨) યશ કીર્તિની ઈચ્છા રાખે. (૩) ધન, ભોજન અને વસ્ત્રાદિકની અભિલાષા રાખે. (૪) મનમાં ગર્વ ધરે. (૫) પરાભવ થતો જોઈ નિયાણુ ચિંતવે (૬) આજીવિકાદિકનાં ભયથી મનમાં બીહે. (૭) ધર્મનાં ફળનો સંદેહ રાખે. (૮) રૌદ્ર ચિંતવનથી અને માત્ર લોકરીતિથી કાલમાન પૂર્ણ કરે. (૯) આ સામાયિક રૂપ કારાગાર (બંદીખાના) માંથી ક્યારે છુટીશ એવો વિચાર કરે. (૧૦) સ્થાપનાજી કે ગુરુને અંધકાર વિગેરેમાં રાખે. મન વડે લક્ષ્ય કર્યા વગર ઉધ્ધતપણાથી અથવા શુન્ય મનથી સામાયિક કરે.

**દશ વચનના દોષ** : - (૧) સામાયિકમાં અપશબ્દ (ગાળ) બોલે. (૨) સહસાત્કારે ન બોલવાનું બોલી જાય. (૩) સાવદ્ય કામની આજ્ઞા આપે. (૪) મરજીમાં આવે તેમ બોલે.

(૫) સુત્રના આલાવાનો સંક્ષેપ કરીને બોલે. (૬) વચનથી કલહ કરે. (૭) વિકથા કરે. (૮) વચન દ્વારા હાસ્ય કરે. (૯) ઉઘાડે મુખે બોલે. (૧૦) અવિરત લોકોને આવો-જાઓ એમ કહે.

**બાર કાયના દોષ :-** (૧) વસ્ત્ર વડે કે હાથ વગેરેથી પગ બાંધીને બેસે.(૨) આસનને આમ તેમ હલાવે. (૩) કાગડાના ડોળાની જેમ દ્રષ્ટિને ફેરવ્યા કરે. (૪) કાયાથી પાપયુક્ત કાર્ય આચરે. (૫) પુંજ્યા વગર સ્થંભ કે ભીંત વગેરેનો ટેકો લે. (૬) અંગોપાંગ સંકોચે અથવા વાંરવાર લાંબા કરે. (૭) આળસ મરડે. (૮) હાથપગના આંગળાને વાંકા કરી ટચાકાં ફોડે. (૯) પ્રમાર્જન કર્યા વગર શરીરને ખણે. (૧૦) દેહનો મેલ ઉતારે. (૧૧) શરીરને ચંપાવાની ઈચ્છા કરે. (૧૨) નિદ્રા વિગેરેનું સેવન કરે.

## પ્રભાતના પચ્ચક્ખાણો

### આયંબિલ-નિવિ-એકાસણું-બિયાસણું

ઉગ્ગએ સૂરે, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢપોરિસિં સૂરે ઉગ્ગએ પુરિમુડ્ઢ, અવડ્ઢ, મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ, (પચ્ચક્ખામિ), ઉગ્ગએસૂરે ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહૂવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, આયંબિલ, નિવ્વિગઈઓ વિગઈઓ પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગાંરેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં, બિયાસણં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) તિવિહંપિ, ચઉવિહંપિઆહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, સાગારિયાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા,

વોસિરઈ (વોસિરામિ)

સૂચના : જો બિયાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'બિયાસણં' અને એકાસણાનું પચ્ચક્ખાણ કરવું હોય તો 'એકાસણં' પાઠ ભણવો.

## ચઉવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવ્વિહંપિઆહારં, અસણં પાણં, ખાઈમં, સાઈમં અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

## તિવિહાર ઉપવાસ

સૂરે ઉગ્ગએ અબ્ભત્તટ્ઠં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) તિવિહંપિઆહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણહાર, પોરિસિ, સાઢપોરિસિ, સૂરે ઉગ્ગએ પુરિમડ્ઢ, અવડ્ઢ મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, પાણસ્સ લેવેણવા અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, (વોસિરામિ) પચ્ચક્ખાણ કરનારે પચ્ચક્ખામિ અને વોસિરઈ શબ્દ બોલવો.)

## મુટ્ઠિસહિઅં

મુટ્ઠિસહિઅં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ.)

## સાંજના પચ્ચક્ખાણ (પાણહાર)

પાણહાર દિવસચરિમં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), અન્નત્થણાભોગેણં, સહસાગારેઅં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

## ચઉવિહાર

દિવસચરિમં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), ચઉવ્વિહંપિઆહારં, અસણંપાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

## તિવિહાર

દિવસચરિમં, પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ), તિવિહંપિઆહારં, અસણં, ખાઈમં, સાઈમં, અનન્ત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ (વોસિરામિ).

## મને આવતો ભવ એવો આપજે

પ્રભુજી માંગુ તારી પાસ, મારી પૂરી કરજો આશ,
માંગી માંગીને માંગુ છું દાદા એટલું,
મને આવતો ભવ એવો આપજે.... મને આવતો (૧)
જન્મ મહાવિદેહમાં હોય, વળી તીર્થંકર કુળ હોય,
પારણામાં નવકાર સંભળાય રે.... મને આવતો (૨)
વર્ષ આઠ મુજ હોય, પ્રભુ સમોસર્યા હોય,
ઉમંગે દેશનામાં જવાય રે.... મને આવતો (૩)
સાંભળીને વૈરાગ્ય થાય, વળી અનુજ્ઞા મળી જાય,
કોઈ આવે નહિ અંતરાય રે.... મને આવતો (૪)
પ્રભુજી હાથે દીક્ષા થાય, હજારો સાથે લેવાય,
વળી ચૌદ પૂરવ ભણાય રે.... મને આવતો (૫)
જિન કલ્પીપણું હોય, ઉગ્ર અભિગ્રહ હોય,
માસ માસક્ષમણ કરાય રે.... મને આવતો (૬)
ક્ષપક શ્રેણિ ચઢાય, ઘાતી કર્મો ખપાય,
વળી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય રે.... મને આવતો (૭)
માનવ જન્મ મળી જાય, કરણી એવી કરાય,
વળી મુક્તિપુરીમાં જવાય રે.... મને આવતો (૮)

● ● ●

# આયોજક પરિવાર

## માતુશ્રી પાલઈબેન ગેલાભાઈ વાલજીભાઈ ગાલા પરિવાર

શ્રી ભીમશીભાઈ ગેલાભાઈ ગાલા, શ્રી રવજીભાઈ ગેલાભાઈ ગાલા

શ્રી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા, શ્રી રમણિકભાઈ ગેલાભાઈ ગાલા

અ.સૌ. મંજુબેન રમણિકભાઈ ગાલા, ઋષભ રમણિકભાઈ ગાલા

પ્રીતેશભાઈ અમરશીભાઈ ગડા, ખુશ્બુ પ્રીતેશભાઈ ગડા

પ્રીત પ્રીતેશભાઈ ગડા, વિહાન પ્રીતેશભાઈ ગડા



શ્રી શ્રમણ સેવા
રિલીજીયસ ટ્રસ્ટ નિર્મિત
શ્રી તારંગા વિહારધામ મધ્યે

# ઉપધાન તપ પ્રારંભ

| | |
|---|---|
| પ્રથમ મુહૂર્ત | કારતક વદ ૧૨,<br>તા. ૭-૧૨-૨૦૧૦,<br>ગુરૂવાર |
| દ્વિતીય મુહૂર્ત | કારતક વદ ૧૪,<br>તા. ૪-૧૨-૨૦૧૦,<br>શનિવાર |
| ભવ્ય વરઘોડો | પોષ વદ ૩,<br>તા. ૨૨-૧-૨૦૧૧,<br>શનિવાર |
| માલારોપણ | પોષ વદ ૫,<br>તા. ૨૪-૧-૨૦૧૧,<br>સોમવાર |

m. babulal printery
Ph. : (079) 26576056